# પ્રેસનોટ
# સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુ-બાજુ વિસ્તારમાં BRTS અને સીટી બસની સુવિધા રાહત દરે પૂરી પાડવામાં આવી રહેલ છે. ભારતના સૌથી લાંબા ૧૦૮ કિમીના ડેડીકેટેડ BRTS કોરીડોર મારફત વિવિધ ૧૩ રૂટ પર ૩૬૭ BRTS બસ કાર્યરત છે તથા વિવિધ ૪૫ સીટી બસ રૂટ પર ૩૮૭ બસનું સંચાલન કરવામાં આવે છે અને હાલમાં કુલ-૪૫૨ કિમીના રૂટ ઉપર સીટી બસ સેવા કાર્યરત છે. દૈનિક ધોરણે આશરે ૨ લાખથી વધુ મુસાફરો ધ્વારા સદર સેવાનો લાભ લેવામાં આવી રહેલ છે.

ચોર્યાસી વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ-૩૦ (કનસાડ-સચિન-ઉન-આભવા) માં આવેલ અનુપમ સિટી ડુંડી ગામની સામે (જીઆવ-બુડિયા માર્ગ) સુધી સુરત મહાનગરપાલિકા સંચાલિત સિટી બસ સેવા લંબાવવા માટે ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ અને કોર્પોરેટરશ્રીઓએ સુરત મહાનગરપાલિકામાં સંયુક્ત રજૂઆત કરેલ. આ અંતર્ગત તા.-૧૨/૦૨/૨૦૨૬ ગુરુવારના રોજ બપોરે ૦૩:૩૦ કલાકે અનુપમસિટી, ડુંડી ગામની સામે, જીઆવ-બુડિયા માર્ગ, સુરત ખાતે હાલમાં સિટી રુટ નં.૫૦૫ કે જે ચિકુવાડીથી બુડિયા ગામ સુધી કાર્યરત છે તેમાં સદર વિસ્તારનો સમાવેશ કરાતા લીલી ઝંડી બતાવી સિટી બસ સેવા શુભારંભ કરાવવાનો કાર્યક્રમ ભારત સરકારના કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શન હેઠળ ધારાસભ્યશ્રી સંદીપભાઈ દેસાઈ, સુરત મહાનગરપાલિકાની જાહેર પરિવહન સમિતિના અધ્યક્ષશ્રી સોમનાથભાઈ મરાઠે તેમજ લાઈટ એન્ડ ફાયર સમિતિના અધ્યક્ષશ્રી ચિરાગસિંહ સોલંકીની વિશેષ ઉપસ્થિતિમાં તેમજ વોર્ડ-૩૦ (કનસાડ-સચિન-ઉન-આભવા) ના કોર્પોરેટરશ્રી હસમુખભાઈ નાયકા, શ્રીમતી પિયુષાબેન પટેલ, શ્રીમતી રીનાદેવી રાજપુતની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં વોર્ડ-૩૦ ના ગુજરાત પ્રદેશ, સુરત મહાનગર તેમજ મોરચાના, હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, વોર્ડના વિવિધ મોરચા હોદ્દેદારશ્રીઓ, સભ્યશ્રીઓ, શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓ, કાર્યકર્તા ભાઈઓ-બહેનો, નાગરિકો ઉપસ્થિત રહેલ.

સદર રુટ શરુ થયેથી ઉક્ત વિસ્તારના રહેવાસીઓને ધંધાકીય તથા નોકરીયાત વર્ગને જાહેર પરિવહન સેવાનો લાભ મળી રહશે અને તેઓને બામરોલી-પાંડેસરાની સીધી કનેક્ટિવિટી મળી રહશે. જેથી જાહેર જનતાને સદર સેવાનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કરવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ........................**
**તા.૧૨/૦૨/૨૦૨૬**